ક્રમાંક:સીટીએસ/ચ-૧/ગે.ફે./૨૦૧૭/૧૦૪૮૦
રોજગાર અને તાલીમ નિયામકશ્રીની કચેરી,
બ્લોક નંબર:૧/૩જો માળ, ગુજરાત રાજ્ય,
ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
તારીખ:૧૪/૦૭/૨૦૧૭
૮૮

પ્રતિ,
નાયબ નિયામકશ્રી(તાલીમ),
પ્રાદેશિક કચેરી,
અમદાવાદ/વડોદરા/રાજકોટ/સુરત.

વિષય: બેઝીક કોસ્મોટોલોજી અને હેલ્થ સેનેટરી ઇન્સ્પેકટર ટ્રેડના તાલીમાર્થીઓની તાલીમ માટે પ્રવાસી સુપરવાઇઝર ઇન્સ્ટ્રકટર (મુલાકાતી સુપરવાઇઝર ઇન્સ્ટ્રકટર)ની સેવાઓ લેવા બાબત

સંદર્ભ:(૧) શ્રમ અને રોજગાર વિભાગ, ગાંધીનગરના તારીખ:૨૦/૦૬/૨૦૧૬નો ઠરાવ ક્રમાંક:તલમ/૧૨૦૧૬/૬૨૬૯૭૭/ર(૬૨૬૯૭૭/ર(ર)૧)
(૨)આ કચેરીનો તારીખ:૨૯/૧૦/૨૦૧૬નો પરિપત્ર ક્રમાંક:સીટીએસ/ચ-૧/ગે.ફે./૨૦૧૬/૧૪૧૬૫
(૩) ગુજરાત કાઉન્સીલ ફોર વોકેશનલ ટ્રેનિંગ(GCVT), ગાંધીનગરની તારીખ:૨૬/૦૫ ૨૦૧૭ના રોજ યોજાયેલ ૨૦મી ગવર્નીંગ બોડીની મિટિંગની કાર્યવાહી નોંધ

ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે, શ્રમ અને રોજગાર વિભાગ, ગાંધીનગરના સંદર્ભ-૧ હેઠળના ઠરાવથી રાજ્યની સરકારી ઔદ્યોગિક તાલીમ સંસ્થાઓ / ગ્રાન્ટ-ઇન-એઇડ ઔદ્યોગિક તાલીમ કેન્દ્રોમાં સુપરવાઇઝર ઇન્સ્ટ્રકટરની ખાલી જગ્યાઓ પર નિયમિત નિમણૂંક ન થાય ત્યાં સુધી તાલીમાર્થીઓની તાલીમ માટે પ્રવાસી સુપરવાઇઝર ઇન્સ્ટ્રકટર (મુલાકાતી સુપરવાઇઝર ઇન્સ્ટ્રકટર) ની સેવાઓ માનદ્દ વેતન (Honorarium)થી લેવાની મંજુરી આપવામાં આવેલ છે.

સદરહું ઠરાવની જોગવાઇઓ ધ્યાને લઇ આ કચેરીના સંદર્ભ-૨ હેઠળના પરિપત્રમાં નિર્દીષ્ટ પસંદગીના ધોરણો મુજબ પ્રવાસી સુપરવાઇઝર ઇન્સ્ટ્રકટર (મુલાકાતી સુપરવાઇઝર ઇન્સ્ટ્રકટર)ની સેવાઓ માનદ્દ વેતન (Honorarium) થી લેવાની મંજુરી આપવામાં આવેલ છે.

માન.નિયામકશ્રીના અધ્યક્ષસ્થાને વડી કચેરી, ગાંધીનગર ખાતે તારીખ:૨૩/૦૫/૨૦૧૭ના રોજ તાલીમાર્થીઓનો ડ્રોપઆઉટ રેશીયો ઘટાડવા માટે મળેલ રીવ્યું મિટીંગમાં નાયબ નિયામકશ્રી (તાલીમ), પ્રાદેશિક કચેરીઓ તરફથી (૧) બેઝીક કોસ્મોટોલોજી (૨) હેલ્થ સેનેટરી ઇન્સ્પેકટર હાલમાં ખૂબ જ લોકપ્રિય ટ્રેડ હોઇ આ ટ્રેડમાં નોકરીદાતા દ્વારા રોજગારી / સ્વરોજગારીની ખૂબજ ઉજળી તકો પ્રાપ્ત થાય છે. પરંતુ સદર બન્ને ટ્રેડમાં હાલમાં ડ્રોપ આઉટ રેશીયો ખૂબજ ઊંચો છે તેનું મૂળભૂત કારણ આ ટ્રેડના સીલેબસ મુજબ ફેકલ્ટી માટેની લાયકાત / અનુભવ અંગેના માપદંડને કારણે તે મુજબની લાયકાત ધરાવતા પ્રવાસી સુપરવાઇઝર ઇન્સ્ટ્રકટર ન મળવાના કારણે તાલીમાર્થીઓ અધવચ્ચે તાલીમ છોડી જતા હોઇ ડ્રોપઆઉટનું પ્રમાણ વધે છે. જે જોતાં આ બન્ને વ્યવસાયોના ફેકલ્ટીની લાયકાત / અનુભવમાં ફેરફાર કરવા રજુઆત કરેલ હતી. ક્ષેત્રિય કચેરીઓ ની રજુઆત ધ્યાને લઇ ઉક્ત બન્ને ટ્રેડના ફેકલ્ટીની લાયકાત / અનુભવના માપદંડમાં સુધારો કરવા GCVT ની ગવર્નીંગ બોડીમાં આ અંગેના એજન્ડા રજુ કરવામાં આવેલ હતા.

તારીખ:૨૬/૦૫/૨૦૧૭ના રોજ યોજાયેલ GCVTની ૨૦મી ગવર્નીંગ બોડીના એજન્ડા નંબર: ૨૦૦૫/૦૪થી નીચે દર્શાવેલ બન્ને ટ્રેડમાં ફેકલ્ટીની લાયકાતમાં નીચે મુજબ ફેરફાર કરવા મંજુરી મળેલ છે.

| ક્રમ | ટ્રેડનુ નામ | ફેકલ્ટીનું હાલનું માપદંડ | ફેકલ્ટીનું સુધારેલ માપદંડ |
|---|---|---|---|
| ૧ | બેઝીક કોસ્મોટોલોજી | (અ) ગ્રેજ્યુએશન<br>(બ) NTC/NAC હેર એન્ડ સ્કીન કેર અથવા બેઝીક કોસ્મોટોલોજી અને 03 વર્ષના ફીલ્ડના અનુભવ સાથે CITS હેર એન્ડ સ્કીન કેર અથવા બેઝીક કોસ્મોટોલોજી અથવા AICTE માન્ય બ્યુટી કલ્ચર કોસ્મોટોલોજીમાં ડીપ્લોમા અને ૦૨ વર્ષનો ફીલ્ડ અનુભવ અથવા સરકારી પોસ્ટ ગ્રુજ્યુએટ ડીપ્લોમા અને ૦૨ વર્ષના ફીલ્ડના અનુભવ સાથે. | બેઝીક કોસ્મોટોલોજી અથવા<br>હેર એન્ડ સ્કીન કેર<br>(NCVT/ GCVT/ ITI / RVTI) અને સંલગ્ન ફીલ્ડમાં ૦૧ વર્ષ નો અનુભવ. |
| ૨ | હેલ્થ સેનેટરી ઇન્સ્પેક્ટર | ડીપ્લોમા ઇન સેનેટરી ઇન્સ્પેકટર ૦૨ વર્ષના અનુભવ સાથે અથવા NTC / NAC હેલ્થ સેનેટરી ઇન્સ્પેકટર 03 વર્ષના અનુભવ સાથે | હેલ્થ સેનેટરી વ્યવસાય ITI પાસ અને સંલગ્ન ફીલ્ડમાં ૦૧ વર્ષ નો અનુભવ. |

વંચાણ-૩ હેઠળની GCVTની ૨૦મી ગવર્નીંગ બોડીની કાર્યવાહી નોંધથી સંસ્થાઓ ખાતે ચાલતા અને નવા દાખલ કરવામાં આવતા વ્યવસાયોમાં ફેકલ્ટીની લાયકાત અને અનુભવના માપદંડમાં સુધારો કરવા માન.સભ્ય સચિવશ્રી, ગુજરાત કાઉન્સીલ ઓફ વોકેશનલ ટ્રેનિંગ અને નિયામકશ્રી, રોજગાર અને તાલીમ, ગાંધીનગરને મળેલ સત્તાની રૂએ ઉપર મુજબ ફેરફાર કરવામાં આવે છે. જે ધ્યાને લઇ રાજ્યની સરકારી ઔદ્યોગિક તાલીમ સંસ્થાઓ / ગ્રાન્ટ-ઇન-એઇડ ઔદ્યોગિક તાલીમ કેન્દ્રોમાં ઉક્ત બન્ને વ્યવસાયમાં પ્રવાસી સુપરવાઇઝર ઇન્સ્ટ્રકટર (મુલાકાતી સુપરવાઇઝર ઇન્સ્ટ્રકટર) ની સેવાઓ માનદ્‌ વેતન (Honorarium)થી લેવાની રહેશે. સંદર્ભ-૧ તથા સંદર્ભ-૨ હેઠળના ઠરાવ /પરિપત્રની અન્ય સુચનાઓ યથાવત રહેશે.

સભ્ય સચિવ, જી.સી.વી.ટી. અને
નિયામક, રોજગાર અને તાલીમ
ગાં ધી ન ગ ર.

નકલ રવાના જાણ તથા જરૂરી કાર્યવાહી સારૂ.:

૧. રાજ્યની તમામ સરકારી/ગ્રાન્ટ-ઇન-એઇડ ઔદ્યોગિક તાલીમ સંસ્થાઓના વડાઓ તરફ
૨. શાખા અધિકારીશ્રી, શાખા:વ(મહેકમ), વડી કચેરી, ગાંધીનગર
૩. શાખા અધિકારીશ્રી, શાખા:ઘ(જીઆઇએ), વડી કચેરી, ગાંધીનગર.
૪. નાયબ નિયામકશ્રી(તાલીમ), ગુજરાત કાઉન્સીલ ફોર વોકેશનલ ટ્રેનિંગ(GCVT), ગાંધીનગર

નકલ સવિનય રવાના:

નાયબ સચિવશ્રી, શ્રમ અને રોજગાર વિભાગ, ગાંધીનગર

નાડીયા/NEW BABU2009/NODE21CH/